ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૦૮ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૨૦-૦૨-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

### મોદીએ સૌની યોજનાનું ખાતમુર્હુત કર્યું

## જળ સિંચન માટે સૌરાષ્ટ્રમાં નર્મદા અવતરણ યોજના શરૂ

### ૧૧૫ ડેમો ભરાશે, ૧૧ જિલ્લાની ૧૦.૨૩ લાખ એકર જમીનને સિંચાઈનો લાભ:ખર્ચનો અંદાજ ૧૦૮૬૧ કરોડ

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સૌરાષ્ટ્રમાં કૃષિ અર્થતંત્રની કાયાપલટ કરનારી નર્મદા આધારિત મહત્વાકાંક્ષી જળસિંચનની સૌની યોજનાનું ખાતમુર્હુત કરતા સરદાર સરોવર ડેમ ઉપર દરવાજા મુકવા માટે કેન્દ્ર સરકાર, રાજકારણ વચ્ચે લાવ્યા વગર તાત્કાલીક મંજુરી આપે એવો પુનઃ ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

મહેરબાની કરીને ગુજરાતના ખેડૂતોની આડે આવવાને બદલે નર્મદા યોજનાના ડેમના દરવાજા મુકવાની મંજુરી મળે તે આજના સમયની માંગ છે એમ તેમણે સ્પષ્પણે જણાવ્યું હતું. રાજકોટમાં સૌની યોજનાના કાર્યારંભ સમારંભમાં મુખ્યમંત્રીએ નર્મદા યોજનાને રાજકારણથી પર પાખવાના તેમના અભિગમનો પુનરોચ્ચાર કર્યો હતો. નર્મદાના પૂરના એક મીલીયન એકરફીટ વધારાના પાણીનો જળસંચય માટે ઉપયોગ કરવા, સૌરાષ્ટ્ર નર્મદા અવરણ ઈરીગેશન યોજના-સૌની યોજનાની ઘોષણા મુખ્યમંત્રીએ રાજકોટમાં ૨૫મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ કિસાન સંમેલનમાં કરી હતી. આજે તેનું ખાતમુર્હુત પણ મુખ્યમંત્રીના હસ્તે થયું છે.

સૌની યોજનામાં નર્મદાની કુલ ૧૧૨૬ કિમી ચાર લિન્ક લીફ્ટ પાઈપલાઈનો દ્વારા ૧૧૫ ડેમમાં નાખીને ૧૦.૨૩ લાખ એક જેટલો વિસ્તાર સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવ્યો છે. સૌની યોજના સૌરાષ્ટ્રના બધા જ ૧૧ જિલ્લાઓની ધરતીને ખેતીવાડીથી હરિયાળી બનાવતી સૌની યોજના માટે રૂા. ૧૦૮૬૧ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. ગુજરાતમાં ખેતીને અને આધુનિક જળસંચયમાં એગ્રીએક અને એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ભાર મુકતા મુખ્યમંત્રીએ માત્ર પરંપરાગત ખેતીથી અર્થતંત્ર સમૃદ્ધ થવાનું નથી. ખેતીમાં મુલ્યવર્ધિતની નિકાસની આખી પદ્ધતિ ઉભી કરવાની રાજ્ય સરકારની કૃષિ નીતિની વિગતવાર ભૂમિકા આપી હતી. કપાસના મુલ્યવર્ધક અને વિકાસ માટે તેમણે એગ્રોબેઈઝ ઈન્ડસ્ટ્રીઝ, ગ્રીનહાઉસ નેટહાઉસ તથા નિયમિત ખેતી, પશુપાલન તથા વૃક્ષની ખેતીને સમાન હિસ્સે વિકસાવી કૃષિ અર્થતંત્ર નર્મદા યોજના કોઈ એક સરકાર, કોઈ એક મુખ્યમંત્રી કે કોઈ પક્ષની નથી તેમ ભારપૂર્વક પૂનરોચ્ચાર કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે નર્મદા યોજના રાજકારણથી પર છે પરંતુ નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમ સંપૂર્ણપણે પૂરો કરવા ડેમના દરવાજા મુકવાની પરવાનગી ભારત સરકાર આપે તે માટે આ સરકાર બધી જ ક્રેડીટ આપવા તૈયાર છે. પંડિત નેહરૂએ ૪૫ વર્ષ પહેલા સરદાર સરોવર યોજનાનો પાયો નાંખ્યો ત્યારથી અત્યાર સુધી આ યોજના વિવાદમાં મુકવાના કારણો જનતા સમજે છે પરંતુ હવે ડેમ પુરો થયો છે ત્યારે દરવાજા મુકવાની મંજુરી કાંઈ જ વ્યાજબી કારણવગર નથી મળતી ત્યારે દુઃખ થાય છે.

### આવકવેરા વિભાગની કડક કાર્યવાહી

## ૬૦૦થી વધુ કંપની વિરુદ્ધ પ્રોસીક્યુશન કાર્યવાહી શરૂ

આવકવેરા વિભાગે ભારતીય મૂળની એવી ૬૦૦ કંપનીઓ પૈકી કેટલીક સામે પ્રોસીક્યુશન કાર્યવાહી શરૂ કરી છે. જે કંપનીઓ મનીલોન્ડ્રીંગને લઈને વિવાદમાં રહી છે. ૬૦૦ રોકડ સંગ્રહખોરો સામે આઈટી વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. તેમના પોતાના નામે અથવા તો તેમની અગ્રણી કંપનીઓ અથવા તો બોગસ નામે કરવેરામાં ઘણી રાહત ધરાવતા દેશોમાં રોકાણ કરનાર કંપનીઓ સામે તપાસ હાથ ધરવામાં આવી છે. જે કંપનીઓએ બોગસ મૂડીરોકાણ મારફતે નાણાં જમા કરાવ્યા છે તે કંપનીઓ સામે સકંજો મજબૂત કરવામાં આવ્યો છે. નાણામંત્રાલય એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, ફાઈનાશિયલ ઈન્ટલિજન્ટ યુનિટ અને ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઈન્ટલિજન્સ ઉપરાંત હવે આઈટી વિભાગ દ્વારા પણ તપાસ હાથ

### કરચોરો માટે સ્વર્ગસમાન ગણાતા દેશોમાં નાણાં બોગસ રીતે જમા કરાવનાર સામે તવાઈ : ટૂંકમાં નામ ખૂલી શકે

ધરવામાં આવી છે. ટેક્સ ચોરો માટે સ્વર્ગ સમાન ગણાતા દેશોમાં નાણાં જમા કરી ચૂકેલા ૬૦૦ લોકોની યાદી તૈયાર કરી લેવામાં આવી છે. આ તમામ સામે આવનાર દિવસોમાં તવાઈ આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ મુદ્દે હાલમાં દબાણ પણ વધી રહ્યું છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે તમામ રાજકીય પક્ષો અને ખાસ કરીને ભાજપે વિદેશમાં પડેલા કાળા નાણાંને પરત લાવવા પહેલ કર્યા બાદ ભારે ચર્ચા છેડાઈ ગઈ છે અને ચૂંટણી મુદ્દો પણ બની ગયો છે. હાલમાં જ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સના સભ્યએ ઈન્કમટેક્સના ડિરેક્ટર જનરલ અને ચીફ કમીશનરો સાથે વિડીયો કોન્ફરન્સ યોજી હતી અને આવા તમામ વ્યક્તિગતો અને કોર્પોરેટ કંપનીઓ સામે તપાસ હાથ ધરવા સૂચના આપી હતી. આ વખતે નાણામંત્રાલયે વિશેષ રીતે તૈયારી હાથ ધરી છે. નાણામંત્રાલયે એફઆઈયુ મારફતે અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયાની પણ મદદ માંગી છે.

ઓસ્ટ્રેલિયા પાસેથી કેટલીક ખાતરી પણ મળી ચૂકી છે. સરકાર કેટલાક દેશો પાસેથી માહિતી મળવાને લઈને આશાવાદી બનેલી છે. ડબલ ટેક્સેસન એવોઈડન્સ એગ્રીમેન્ટ અને કરવેરા માહિતીની આપલે સાથે સમજૂતી કરીને આ દેશો પાસેથી માહિતી મેળવવાના પ્રયાસ ચાલી રહ્યા છે. ટેક્સ ચોરો માટે સ્વર્ગસમાન ગણાતા ઘણા દેશો સાથે સમજૂતી કરવામાં આવી ચૂકી છે. જે ૬૦૦ નામ સપાટી ઉપર આવ્યા છે તેમાં ઊંડી તપાસ શરૂ થઈ ચૂકી છે.

ફ્રાન્સ મારફતે ૨૦૧૧માં સરકાર સાથે માહિતીની આપલે થઈ હતી. એચએસબીસની જીનેવા બ્રાન્ચમાં જંગી રકમ જમા કરવામાં આવી છે. એચએસબીસીમાં થાપણોમાં તપાસ પણ કરવામાં આવી છે જેમાં મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ અને કોલકાતા બ્રાન્ચનો સમાવેશ થાય છે. ઈડી દ્વારા પણ તપાસ હાથ ધરવામાં આવી ચૂકી છે. વિદેશી હુડિયામણ ધારાધોરણના ભંગ મામલે આ તપાસ ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ઈડી દ્વારા વિગતો માટે સીબીડીટીને પત્ર લખીને માહિતી મેળવી છે. અનેક એવા સભ્યો છે જે આવનાર દિવસોમાં સંકંજો મજબૂત બને છે.

## ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર

### ૦૬ એપ્રિલ થી ૧૩ એપ્રિલ, ૨૦૧૨

### યોગ શિબિરમાં પ્રસ્તુત કરવામાં આવનારા મુખ્ય વિષયો

| | |
|---|---|
| ૧ ધ્યાન, જપ, પ્રાણાયામ વિધિ | ૨ શંકાઓનું સમાધાન, |
| ૩ આસન-વ્યાયામ પ્રશિક્ષણ | ૪ યજ્ઞ (અગ્નિહોત્ર), વેદ પાઠ |
| ૫ વિશુદ્ધ જ્ઞાન, કર્મ, ઉપાસના | ૬ મનોનિયંત્રણ |
| ૭ યોગ દર્શનનાં સૂત્રોનું અધ્યાપન | ૮ સંસ્કૃતના મંત્ર-શ્લોકનું ઉચ્ચારણ |
| ૯ આત્મ-નિરીક્ષણ | ૧૦ દાર્શનિક આધ્યાત્મિક પ્રેરક પ્રવચન |

**● શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક ધાર્મિક મહાનુભાવોએ ૨૫મી માર્ચ પહેલા આવેદન પત્ર ભરીને શિબિરના સ્થળે મોકલી આપવાનું રહેશે. ● આવેદન પત્ર ટપાલ, ફેક્સ, ઈ-મેઈલ દ્વારા મોકલી આપવાના રહેશે. ● આવેદન પત્રમાં પોતાનું નામ, ઉંમર, અભ્યાસ, વ્યવસાય, મોબાઈલ તથા ફોન નંબર, ઈ-મેઈલ ઉપરાંત અગાઉ આ પ્રકારની શિબિરમાં કેટલી વાર ભાગ લીધો છે તે તથા શિબિરમાં ભાગ લેવા પ્રેરણા આપનારનું નામ પણ અવશ્ય લખવાનું રહેશે. ● આવેદન પત્ર મળ્યા બાદ જેમને આશ્રમ દ્વારા સ્વીકૃતિ પત્ર મળે તેવા આવેદકોએ શુલ્કની રકમ રૂા. ૧૦૦૦/- માત્ર મનીઓર્ડર દ્વારા જ "વ્યવસ્થાપકશ્રી, યોગ શિબિર - આર્યવન"ના નામથી મોકલી નોંધણી કરાવી લેવાની રહેશે. આર્થિક કારણોસર શુલ્ક આપવામાં અસમર્થ હશે તેમને યોગ્ય સમજીને શુલ્કમાં છૂટ આપવામાં આવશે. ● શિબિરાર્થી કોઈપણ જાતના વ્યસનો ધરાવતો ન હોવો જોઈએ.**



### શિબિર સ્થળ

**વાનપ્રસ્થ સાધક આશ્રમ**

આર્યવન - રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા-૩૮૩૩૦૭

ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭સ ૨૯૧૫૫૫, ૨૯૧૭૧૭, ૨૯૧૪૯૬

E-mail : vaanprastharojad@gmail.com, Website : www.vaanprastharojad.org



**સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્**

## ચરોતર પ્રદેશ આર્યસમાજ દ્વારા ચીખોદરા ખાતે હવન સામગ્રીનું પ્રદર્શન યોજવામાં આવ્યું

ચરોતર પ્રદેશ આર્યસમાજ દ્વારા તાજેતરમાં પ્રાથમિક કુમાર શાળા, ચિખોદરા ખાતે એક દિવસીય હવન સામગ્રી પ્રદર્શન યોજાયું. પ્રા. કુમાર શાળા તથા કન્યા શાળાના આશરે ૧૧૦૦ જેટલા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ આ પ્રદર્શનને રસપૂર્વક નિહાળ્યું હતું.




હવન સામગ્રી પ્રદર્શનનું ઉદઘાટન ચિખોદરાના સામાજીક કાર્યકર્તા ડૉ. રમણભાઈ પટેલ, શ્રી ભાવેશભાઈ પટેલ, તથા શ્રી કમલેશભાઈ પટેલ દ્વારા હવનમાં ગાયત્રી મંત્રથી આહુતિ આપીને કર્યું હતું. આ પ્રદર્શનમાં યજ્ઞમાં વપરાતી વિવિધ ૧૨૫ જેટલી ઔષધિઓ- વિવિધ ૧૫ જેટલા કાષ્ઠ (સમીધા)-ગૌધૃત તથા યજ્ઞ માટે વપરાતા તાંબાના પાત્રો (વાસણો) ને અલગ અલગ ગોઠવવામાં આવ્યા હતા. તદુપરાંત ૬ ઋતુઓમાં કઈ કઈ ઔષધિઓનું મિશ્રણ કેટલી માત્રામાં મેળવીને હવનસામગ્રી રૂપે વાપરવી તેમજ સર્વ સામાન્ય હવન સામગ્રી કેવી રીતે બનાવવી તે અંગેના ચાર્ટ રજૂ કરવામાં આવ્યા હતા. ખાસ કરીને વિદ્યાર્થીઓને પર્યાવરણની શુદ્ધિ યજ્ઞ દ્વારા કેવી રીતે થાય છે તેની વિસ્તૃત માહિતી ચાર્ટ દ્વારા સંસ્થાના પંડ કનુપ્રસાદ શાસ્ત્રીએ તથા પ્રાથમિક શાળાના ઈન્ચાર્જ શ્રી રજનીભાઈએ ઉદાહરણ સાથે સમજાવી હતી.

વર્તમાન પર્યાવરણમાં પ્રદુષણ વધવાથી 'ગ્લોબલ વાર્મિંગ' વૈશ્વિક સંકટ બન્યું છે ત્યારે તેને દૂર કરવાનો એક માત્ર ઉપાય યજ્ઞ-હવન છે, એવું ભારપૂર્વક વૈજ્ઞાનિક તથ્યો સાથે પં. કનુપ્રસાદે સમજાવ્યું હતું. સાથે સાથે બાળકો શારીરિક-માનસિક અને આત્મિક રીતે સ્વસ્થ બને તે માટે પતંજલિકૃત 'અષ્ટાંગ યોગ' વિશે સૈદ્ધાંતિક સમજૂતી આપી હતી. 'યજ્ઞ' એક વિશુદ્ધ વિજ્ઞાનિક પ્રક્રિયા છે, જેના દ્વારા પ્રાણીમાત્રને ફાયદો થાય છે.

હવન સામગ્રી પ્રદર્શનના સમાપન પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી કનકસિંહજી વાઘેલા, ઉપપ્રમુખ શ્રી કમલેશભાઈ પટેલ, માનદ્ મંત્રી આર્કિટેક્ટ અશોકભાઈ પટેલ અને વ્યવસ્થાપક શ્રી પં. વિજયકુમાર આર્યએ હાજરી આપી હતી. આ પ્રસંગે બાળકોને આર્ય સમાજના સંસ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતી વિશે- આર્ય સમાજની પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના માનદ્ મંત્રીશ્રીએ રોચક શૈલીમાં બાળકોને ફુલ વગેરે મંદિરમાં મૂર્તિપર ન ચઢાવવા સમજાવ્યા હતા તથા સાચી શ્રદ્ધાથી જીવીત માતા-પિતા-ગુરુ-અતિથિઓની સેવા તથા સન્માન કરવાની શીખ આપી હતી. ઈશ્વર સર્વત્ર છે. આપણાં સૌમાં છે, એટલે બે હાથ જોડીને નમસ્તે બોલવું જોઈએ. જેનો અર્થ છે હું આપની અંદર બેઠેલા ઈશ્વરને નમું છું.

આ પ્રસંગે સંસ્થા તરફથી પ્રાથમિક શાળાનાસૌ શિક્ષકોને પ્રમુખશ્રીના હસ્તે આયુર્વેદિક સરળ ઉપચાર પુસ્તિકા ભેંટ આપવામાં આવી હતી. તથા બાળકોના વિકાસના કાર્યક્રમો ભવિષ્યમાં કરવાની ખાતરી આપી હતી.

ચિખોદરાના પ્રાથમિક શાળાના ઈન્ચાર્જ શ્રી રજનીભાઈ તથા આચાર્યશ્રીઓ અને શિક્ષકોએ અંગત રસ લઈને પ્રદર્શન ગોઠવવામાં ઉત્સાહ દાખવ્યો તે બદલ સંસ્થાએ આભાર માન્યો હતો.

प्राणायामा ब्राह्मणस्य त्रयोऽपि विधिवत्कृता ।
व्याहतिप्रणवैर्युक्ता विज्ञेयं परमं तपः ॥

मनुस्मृति ७०(४५)

બ્રાહ્મણ અર્થાત બ્રહ્મવિત્ વ્યક્તિ કે સંન્યાસી દ્વારા જે વિધિ અનુસાર પ્રણવ અર્થાત ઓંકારપૂર્વક અને 'ભૂ:, ભુવ:, સ્વ:' આદિ સપ્તવ્યાહુતિઓના જપ સહિત ત્રણે પ્રકારના બાહ્ય, અભ્યન્તર, સ્તમ્ભક પ્રાણાયામ અથવા ઓછામાં ઓછા ત્રણ પ્રાણાયામ કરવામાં આવે છે તે પ્રમાણે કરવું તેનું પરમ = ઉત્તમ તપ છે.

**તંત્રી સ્થાનેથી....**

## ડૉ. ચંપાવત જેવા અનેક ઠગો ગુજરાતમાં છે

અભણ વ્યક્તિ કરતાં ભણેલો વ્યક્તિ સમાજ અને રાષ્ટ્ર માટે વધુ હાનિકારક નિવડે છે તે વાતને સાચી સાબિત કરતો એક પ્રસંગ તાજેતરમાં બન્યો છે. લોકોને સરકારી નોકરી મેળવવા સ્પર્ધાત્મક પરિક્ષામાં કેવી રીતે વધારે સારુ પરિણામ મેળવી શકાય તેની તૈયારી માટેના વર્ગો ચલાવનાર શ્રી કલ્યાણસિંહ ચંપાવતની પાપલીલાનો પર્દાફાસ થયો છે. વ્યક્તિત્વ વિકાસ અને મોટીવેશનલ લેક્ચર આપવામાં માહિર એવા કલ્યાણસિંહે પોતાની વાક્છટા તથા જ્ઞાનના બળે નોકરીવાંચ્છુ સેંકડો લોકોને પોતાની જાળમાં ફસાવ્યા હતા. વાક્છટા ઉપરાંત પોતે સરકારમાં ઉચ્ચ રાજનેતાઓ તથા અધિકારીઓના સંપર્કમાં રહીને લોકોને પ્રભાવિત કરવામાં કલ્યાણસિંહ સફળ રહ્યા હતા.

સામાન્ય રાજનેતા નહિં પરંતુ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાથે અનેક વાર ભલે ખૂણામાં તો ખૂણાંમાં પણ મંચ ઉપર ઉપસ્થિત રહી પોતે ખૂબ વગવાળા અને વજનદાર વ્યક્તિ હોવાનો પ્રસ્થાપિત કરવાનો તેઓ ક્યારેય ચૂકતા નહિં. ડૉ ચંપાવત ખૂબ ચાલક વ્યક્તિ છે. તેમણે અગાઉ પણ સેંકડો લોકો પાસેથી સરકારની વિવિધ જગ્યાઓ ઉપર થતી ભરતીમાં સિલેક્ટ કરાવી આપવાની શરતે કરોડો રૂપિયા ઉઘરાવ્યા હતા. આ સેંકડો લોકોમાંથી જે લોકો પાસ થઈ જાય તેના પૈસા શ્રી ચંપાવત રાખી લેતા અને જે નાપાસ થાય તેના ધીમે ધીમે કરીને ટૂકડે ટૂકડે પરત કરી દેતા.

આમ લોકોને પૈસા પરત મળી જતાં કોઈ ઉહાપોહ થતો નહિં. અને ડૉ કલ્યાણસિંહ ચંપાવતને લાખો રૂપિયાની બેનંબરની આવક પણ થતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આવા ડૉ. ચંપાવત જેવા અનેક લોકો ગુજરાતભરમાં ફેલાયેલા છે. જો પોલીસ તંત્ર આ બાબતે ગંભીરતાથી આગળ વધે તો અનેક મોટા માથાના નામ બહાર આવે તેમ છે.

# મનન જ મનુષ્યનું મનુષ્યત્વ છે

**देवा इवामृतं रक्षमाणाः सायं प्रातः
सौमनसो वो अस्तु ।**

(अथर्व.३/३०/७)

જો આપણે એ નિશ્ચય કરી લીધો હોય કે આપણે જ્ઞાન પ્રાપ્ત કરવું છે, તો સ્વભાવતઃ તે જ્ઞાનને ગ્રહણ કરવાની ઉત્કંઠા થશે અને ત્યાર પછી તે જ્ઞાનને ધારણ કરી પોતાનામાં સ્થિર કરવાનો ઉપાય શો છે ? તે પ્રશ્ન ઉદ્ભવશે.

આનો ઉપાય એક જ છે અને એમાં કોઈ મતભેદ ન હોઈ શકે. ઉપાય સ્પષ્ટ શબ્દોમાં છે કે 'એકાન્ત વિચાર'. આપણને જે કોઈ ઉપદેશ મળે તેને એકાન્તમાં જઈ તેના પર વારંવાર વિચાર કરવો જોઈએ. આ રીતે તે ઉપદેશને આપણે સ્થિર કરી શકીએ છીએ. દા.ત. આપણને ખબર પડી કે સત્ય બોલવું જોઈએ તો કોઈ સમયે એકાન્તમાં જઈ આપણે વિચારવું જોઈએ કે આ વાત કેટલા અંશે બરાબર છે ? જો તે બરાબર છે તો હું સત્ય શા માટે બોલી શકતો નથી ? કયા-કયા પ્રલોભનો અથવા ભયોના કારણે અસત્ય બોલું છું, તેને જીતવાનો ઉપાય શો છે ? અસત્ય બોલવાથી મને શું નુકશાન થયું છે ? શું યથાર્થમાં મને લાભ થયો છે ? સત્યનો જીવનમાં કઈ કઈ વસ્તુઓ સાથે સંબંધ છે ? વગેરે બાબતે ખૂબ વિચાર કરવો જોઈએ. આમ કરવાથી સત્ય સાથે પ્રીતિ બંધાશે અને તેને પોતાનો કરી લેવાશે. સત્ય પર ભલે હું આખું પુસ્તક વાંચી નાંખુ પરંતુ તેના પર કદી સ્વ યં વિચાર ન કરું તો તે સત્ય સાથે કોઈ સંબંધ નહીં સ્થપાય અને તે સત્ય મારા જીવનમાં આરોપિત નહીં થાય. જેમકે- બહાર રાખેલ ભોજન મારા શરીર સાથે કોઈ સંબંધ ધરાવતું નથી, તેને ગ્રહણ કરતાં જ સંબંધ સ્થપાય છે, તે જ રીતે પુસ્તક વાંચી લેવાથી મારી સાથે સત્યનો સંબંધ જોડાતો નથી. તેના માટે તો મારે વિચાર કરવો જોઈએ, મનન-ચિંતન કરવું પડશે. મનુષ્ય તો મનનશીલ કહેવાય, તેના માટે એટલું જ પર્યાપ્ત છે કે 'સત્ય બોલવું જોઈએ'. તે મનન દ્વારા સ્વયમેવ વિસ્તાર કરી પોતાનામાં ધારણ કરી શકે છે.

આપણામાંથી ઘણાને મોટી મોટી પુસ્તકો વાંચવાનું, લાંબા લાંબા વ્યાખ્યાનો સાંભળવાનું વ્યસન હશે, પરંતુ તેઓને એ જ સલાહ આપીશ કે તેઓ કેવળ એક-બે વ્યાખ્યાન કે પુસ્તકને એકાન્તમાં જઈ પોતાના મન દ્વારા મનન કરીને તેનો વિસ્તાર કરતા રહે. પોતાને પોતાના દ્વારા જ વ્યાખ્યાન આપવાનો અભ્યાસ બનાવવો જોઈએ. જેઓને આ પ્રકારનું વ્યસન નથી તેઓ પણ સાંભળેલ લાંબા વકતવ્યને કે વાંચેલ મોટી પુસ્તકને એકાન્તમાં જઈ મન દ્વારા પુનઃ વિચાર કરી વિસ્તાર કરતા રહે. આમ કરવાથી તે જ્ઞાન પોતાનું થઈ જશે. જ્ઞાનને ધારણ કરવાનો, માનસિક ભોજનને હજમ કરવાનો આ જ ઉપાય છે 'એકાન્ત વિચાર'.

અહીં 'એકાન્ત' કહેવાનો મતલબ શું છે ? આપણે પ્રાય: બહારના પ્રભાવોથી પ્રભાવિત થતાં રહીએ છીએ. બહારના વિષયો અને સંબંધો જ સદાય આકર્ષિત કરતા રહે છે અને આપણું મન પણ તેનું જ ચિંતન કરતું રહે છે. આ પ્રભાવો અને

**વેદવાણી**

**-આચાર્ય અભયદેવ વેદાલંકાર**

બાહ્ય વિચારોને થોડાક સમય માટે હટાવી પોતાની જાતમાં એકલા બેસવું જોઈએ. આ જ એકાન્તનો મતલબ છે. આ અવસ્થામાં બેસવાથી જ પોતાના પર સારી રીતે વિચાર કરી શકાય છે.

મનુષ્ય વાસ્તવમાં તો છે જ એકલો, પોતાના કર્મફળ પ્રાપ્ત કરવામાં તેનો બીજો કોઈ ભાગીદાર નથી. જ્યારે આપણને કોઈ કષ્ટ-ક્લેશ થાય છે તો આપણા પરમમાં પરમ હિતકારી પણ આપણા માટે કંઈ કરી શકતા નથી, જયાં સુધી આપણા કર્માનુસાર તેમ થવું સંભવ ન હોય. મનુષ્યએ પોતાનો અસલ માર્ગ પોતે જ નકકી કરવો જોઈએ. અન્ય મનુષ્ય થોડોક સહાયક બની શકે છે પરંતુ ચાલવાનું તો કેવળ પોતાને જ છે. આથી એકાન્તમાં જવું તે પોતાની સ્વાભાવિક અવસ્થામાં આવવા બરાબર છે. પોતાનામાં સ્થિત થવાને જ 'સ્વસ્થ' કહેવાય છે. 'કૈવલ્ય' નો અર્થ પણ એ જ છે કે કેવળ હોવું, એકલા હોવું. આથી પ્રતિદિન એકલા થઈ, પોતાના આત્માની પાસે બેસી,પોતાના પર વિચાર કરવો જોઈએ. આનું જ નામ 'આત્મનિરીક્ષણ' છે. જેમ વણિક રોજ પોતાના નફા-નુકશાનનો હિસાબ કરે છે તે જ રીતે પ્રત્યેક મનુષ્યએ પોતાના પરમ નફા-નુકશાનનો હિસાબ પ્રતિદિન કરવો જોઈએ. શું આજે મેં કોઈ કમાણી કરી છે કે નહિ? શું નુકશાન તો થઈ રહ્યું નથી ને ? નફા-નુકશાનનો હિસાબ ન રાખનારો પુરુષ કેવી રીતે જાણી શકશે કે તેને કયા પ્રકારનું નુકશાન થઈ રહ્યું છે અને તેનો ઉપાય શો ? તે નુકશાનની પૂર્તિ કેવી રીતે કરી શકશે ? વિના આત્મનિરીક્ષણ કરે પોતાનો ઉદ્ધાર કઈ રીતે સંભવી શકે ?

આત્મનિરીક્ષણ કરનારને પ્રારંભમાં એક પ્રકારની ગભરામણ થાય છે. આત્મનિરીક્ષણ કરવાથી પોતાની અગણિત ત્રૂટિઓ દેખાઈ આવે છે, ભારે નુકશાન થયાનો અનુભવ થાય છે. તે ગભરાઈ જઈ આત્મનિરીક્ષણ કરવાનું છોડી દે છે. પરંતુ જો તેને ખબર પડી જાય કે આ પ્રકારની ગભરામણ સહન કરવી આવશ્યક છે જેના પરિણામે ભવિષ્યમાં તેને ખૂબ લાભ થશે. ગભરામણ

**સત્ય પર ભલે હું આખું પુસ્તક વાંચી નાંખુ પરંતુ તેના પર કદી સ્વયં વિચાર ન કરું તો તે સત્ય સાથે કોઈ સંબંધ નહીં સ્થપાય અને તે સત્ય મારા જીવનમાં આરોપિત નહીં થાય. જેમકે- બહાર રાખેલ ભોજન મારા શરીર સાથે કોઈ સંબંધ ધરાવતું નથી, તેને ગ્રહણ કરતાં જ સંબંધ સ્થપાય છે.**

સહન કરી લેવાથી પોતાની અંદર એક પ્રકારની શાન્તિદાયિની સાન્ત્વના પ્રાપ્ત થશે અને પછી પ્રતિદિન આત્મ-નિરીક્ષણમાં એટલો બધો આનંદ આવશે કે જીવન પર્યન્ત તે એકાન્ત વિચારને ત્યજશે નહિ.

આ પ્રક્રિયા અપનાવવાનો સ્વાભાવિક સમય છે પ્રાતઃ કાળ અને સાયંકાળ. 'જાગૃત' અને 'સ્વપ્ન' અવસ્થાના અંતનો આ કાળ છે. આ બંને અવસ્થા જાણવાથી આત્માને જાણી શકાય છે તેમ ઉપનિષદકારોએ કહ્યું છે. પ્રાકૃતિક દૃષ્ટિથી પણ આ સમય મનન કરવા માટે ખૂબ અનુકૂળ છે. સ્વભાવતઃ આ સમયે આત્માની પાસે બેસી શકાય છે. આ જ સમયમાં પ્રતિદિન બેસી આપણે આપણા લાભ અને નુકશાન પર, પોતાની અવસ્થા-યોગ્યતા પર વિચાર કરવો જોઈએ. જો કોઈ મનુષ્ય પોતાનામાંથી કોઈક દુર્ગુણ કાઢવા ઈચ્છતો હોય તો તે કદી નહીં કાઢી શકે, જો તે પોતાના વિષે ચિંતન ન કરે, પછી તે ભલેને કેટલાય ઉપદેશ કેમ ન સાંભળી લે. હું ક્રોધ ત્યાગવા ઈચ્છું છું તો મારે પ્રતિદિન સવાર-સાંજ વિચાર કરવો જોઈએ કે મેં આજે દિવસભર કેટલીવાર ક્રોધ કર્યો, શા માટે કર્યા અને પછી તે દૂર કરવા દૃઢ સંકલ્પ કરવો જોઈએ કે હવે હું આવતીકાલે ક્રોધ બિલકુલ નહીં કરું. આ રીતે દુર્ગુણો હટાવવા અને સદ્ગુણોને ધારણ કરવામાં આપણે કૃતકાર્ય થઈ શકીએ છીએ. ઉપદેશને ધારણ કરવાનો આ એક માત્ર ઉપાય છે. શ્રવણ પછી મનન કરવું અતિઆવશ્યક છે.

આથી જ મંત્રમાં નિમ્ન પ્રકારનો ઉપદેશ ગ્રહણ કરી શકાય છે.

'હે મનુષ્યો ! જેમ દેવતાઓ પોતાના અમરપણાની રક્ષા કરે છે તેમ તમે બધા સવાર-સાંજ 'સૌમનસ' ને પ્રાપ્ત કરો.'

દેવતા મરનાર હોતા નથી, આ જ દેવોનું દેવત્વ છે. તેમની તુલનામાં આપણે 'मर्ताः' મરનારા છીએ. જેમ દેવો પોતાના દેવત્વથી અમૃતની રક્ષા કરે છે તેમ આપણે સવાર-સાંજ 'સૌમનસ' રાખવું જોઈએ. 'સૌમનસ' નો અર્થ છે મનનું સારું હોવું, સારું મનન. આ મનન જ મનુષ્યનું મનુષ્યત્વ છે 'मननात् मनुष्यः'. મનનને કારણે જ તે પશુઓથી અલગ તરી આવે છે. જો તે પોતાનું મનન કરવું, વિચાર કરવાનું ત્યાગી દે તો તે મનુષ્ય નહીં રહે. તે સવાર-સાંજ વિચાર કરી પોતાના મનુષ્યત્વને જાળવવું જોઈએ. જે વ્યક્તિ પ્રાતઃ સાયં સ્વ-વિચાર કરતો નથી તે મનુષ્યત્વથી પતિત થઈ જાય છે. આમ એકાન્ત વિચારનું અતિમહત્વ છે.

જ્યારે મનુષ્ય આ રીતે વિચાર કરે છે, ત્યારે તે સમયે તે પોતાની અંદર ચાલ્યો જાય છે. પોતાની અંદર જવું અર્થાત્ એક મોટા કિલ્લામાં સુરક્ષિત રહેવું. જેમકે - એક કિલ્લામાં રહેતો યોદ્ધો પ્રાતઃ કિલ્લામાંની નીકળી દિવસભર યુદ્ધ કરી સાંજે ફરી પાછો કિલ્લામાં પ્રવેશ કરે છે અને પૂર્ણ સ્વસ્થ, તાજગીભર બની ફરી નવો થઈ યુદ્ધક્ષેત્રે ઉતરી વિજયી બને છે તેમ સાધકનું પણ છે. પ્રત્યેક મનુષ્ય સાધક જ હોય છે. જયારે પ્રાતઃ તે કિલ્લામાંથી નીકળી કર્મક્ષેત્રે યુદ્ધ કરે છે ત્યારે તે ઘવાય છે, થાકીને લોથપોથ થઈ જાય છે, સાંજ પડતાં જ તે પોતાના કિલ્લામાં પાછો ફરે છે. અહીં વિચારરુપી વૈદ્ય આપણા ઘા પર મલમપટ્ટી કરે છે, દૃઢ સંકલ્પો આપણામાં નવી ચેતના ફૂંકે છે. આપ સર્વે પરીક્ષણ કરી લો, નિશ્ચયથી એકાન્ત વિચારથી સુખ મળશે. ઘોર દુ:ખ કેમ ન આવે, એકાન્તમાં જતાં જ ત્રણ ચતુર્થાંશ દુ:ખ તો એમ જ દૂર થઈ જશે.

આથી જ હું આગ્રહપૂર્વક કહું છું કે પ્રાતઃ સાયં થોડોક સમય માટે સંસારને પોતાનાથી અલગ કરી દો અને પોતાના પર વિચાર આરંભી દો. આ સમયે આપણને મળતો ઉપદેશ-જ્ઞાન મૂલ્યવાન રત્નસમાન હશે. આપણે આપણી સાથેનો સંબંધ જોડી દો. મન જ એક એવું સ્થાન છે જ્યાં આપણે આપણા જ્ઞાનરત્નને લાવી સુરક્ષિત રાખી શકીએ છીએ. જો આપણે જ્ઞાનધની બનવા ઈચ્છતા હોઈએ તો તે ધન મૂકવા માટે આનાથી અન્ય કોઈ સુરક્ષિત સ્થાન નથી. ધન મૂકવા માટે 'હૃદય' રુપી કોષ ઈશ્વરે સર્વને પ્રદાન કર્યો છે તે તેમની અતિકૃપા છે. આજદિન સુધી આપણે મૂર્ખતાવશ આનો ઉપયોગ કર્યો નથી. આજથી આપણને જે કંઈ જ્ઞાનસંપત્તિ પ્રાપ્ત થાય, તેને એકાન્તમાં જઈ મનનપૂર્વક આ હૃદયરુપી દિવ્યકોષમાં સુરક્ષિત મૂકી દઈએ. લોકમાં કહેવત પ્રસિદ્ધ છે કે 'એક કાનથી સાંભળ્યું અને બીજા કાનથી કાઢી નાંખ્યું' જો આ મુજબની અવસ્થા રાખીશું તો આપણા હાથમાં પ્રાપ્ત જ્ઞાનરત્ન પણ આપણે ખોઈ નાંખીશું. આથી આવશ્યક છે કે આપણે આપણા કિલ્લામાં પ્રવેશી આ દિવ્ય ધનને મનન ક્રિયા દ્વારા અતિ સુરક્ષિત સ્થાનમાં મૂકી દઈ નિશ્ચિત બની જઈએ.

**યોગકથા**



મુખ્ય વકતા સ્વામી શાંતાનંદજી (આચાર્ય, સંત ઓધવરામ વૈદિક ગુરુકુલ, ભવાનીપર, કચ્છ)

**આયોજક**
**આર્યસમાજ, મીલપરા, રાજકોટ**

**યોગકથાની તારીખ**
૨૮/૦૨/૨૦૧૪ થી ૦૨/૦૩/૨૦૧૪

**યોગકથાનો સમય**
સવારે : ૮ થી ૧૦ સાંજે : ૪ થી ૬

**યોગકથાનું સ્થળ**
આર્યસમાજ, મીલપરા, ઢેબર રોડ, રાજકોટ

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્

**અથર્વવેદ ભાષ્ય ( પ્રથમ ખંડ) ના પ્રકાશનની યોજના**

ફેબ્રુઆરી માસના અંતમાં અથવા માર્ચ માસના પ્રારંભમાં પ્રકાશનનું કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.
દરેક આર્યસમાજ, આર્ય શિક્ષણ સંસ્થાઓ, અન્ય સંસ્થાઓ અગ્રિમ ગ્રાહક બનીને જોડાય તે ઈચ્છનીય છે

ઈશ્વરીય વાણી વેદનો અધિક માત્રામાં, તીવ્ર ગતિથી જન-જન સુધી પ્રચાર થાય તથા લોકો વેદને વાંચે, સમજે તથા તદનુસાર આચરણ કરી સમાજમાં સુખ શાંતિની સ્થાપના કરે એ ઉદ્દેશ્યથી ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વેદભાષ્ય પ્રકાશન કરવાની યોજના બનાવવામાં આવી છે. જેના અંતર્ગત યજુર્વેદ, સામવેદ અને ઋગ્વેદ ભાષ્ય ભાગ ૧,૨,૩ નું પ્રકાશન સંપન્ન થયેલ છે અને અથર્વવેદ ભાષ્ય ( પ્રથમ ખંડ)નું પ્રકાશન આરંભાઈ ચૂક્યું છે. એક પ્રતિની કીમત ૫૦ % છૂટ ની સાથે ૪૦૦ રૂ. રાખેલ છે.

**નીતિનિર્ધારણ કરતા મહાનુભાવોમાં વિતરણ**

આ યોજનાના પ્રથમચરણમાં યજુર્વેદ ભાષ્યનું ભવ્ય પ્રકાશન કરી ૯૪૪ પાનાના આ બૃહદ ગ્રંથનું વિમોચન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા. ૨૯-૧૨-૦૮ના રોજ કરવામાં આવેલ છે. ત્યાર બાદ સામવેદ ભાષ્ય (પાના-૬૨૪), ઋગ્વેદ ભાષ્ય ૧ (પાના-૭૭૬), ઋગ્વેદ ભાષ્ય ૨ (પાના-૮૦૮), ઋગ્વેદ ભાષ્ય ૩ (પાના-૧૦૪૦) વગેરે ગ્રંથ પ્રકાશિત કરાયા. પ્રકાશિત ગ્રંથ વિભિન્ન ધાર્મિક સંસ્થાઓ, મંદિરો, મઠો અને ધર્મક્ષેત્રના અગ્રણીઓ, વિદ્વાનો, પુરોહિતો તથા આચાર્યો, પ્રાધ્યાપકો, વિશ્વ-વિદ્યાલયો, સાર્વજનિક પુસ્તકાલયો, સંસ્કૃત તથા વેદ પાઠશાળાઓ, અનુસંધાન ભવનોની સાથોસાથ લોકસભાના સભ્યો, ધારાસભ્યો, મંત્રીગણ, વિવિધ પત્ર-પત્રિકાઓના સંપાદકો, ઉચ્ચ ન્યાયાલયોના ન્યાયમૂર્તિઓ, સામાજિક સંગઠનોના પદાધિકારીઓ વગેરેને ભેટ સ્વરૂપે પ્રદાન કરવાની કાર્યવાહી ચાલી રહી છે. અગાઉ અમે મનુસ્મૃતિ, સત્યાર્થ પ્રકાશ આદિ ઋષિકૃત ગ્રંથોનું આ પ્રકારે વિતરણ અને પ્રચાર-પ્રસાર કરેલ છે. વર્તમાનમાં જે બૃહદ યોજનાને મૂર્તિમંત બનાવવા જઈ રહ્યાં છીએ તેમાં આપનો સહકાર આવશ્યક છે.

**અથર્વવેદ ભાષ્ય (પ્રથમ ખંડ) ભાવાનુવાદક**

શ્રી દયાલમુનિજી વાનપ્રસ્થ
(નિવૃત્ત વિભાગ અધ્યક્ષ, આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર)

- અથર્વવેદ ભાષ્ય (પ્રથમ ખંડ) ની ૫૦૦૦ નકલોનું પ્રકાશન થશે.
- આકાર : ૨૦ X ૨૮ (કાઉન ૮ પેજ)
- ઉત્તમ કાગળ, મલ્ટીકલર ટાઈટલ, રેકિઝન બાઈન્ડિંગ
- સંપૂર્ણ ગ્રન્થનું બે કલરમાં મુદ્રણ કરાશે પ્રચારાર્થે પડતર કિંમત કરતાં પણ ઓછી કિંમતમાં વિતરણ કરાશે.

**આપ આ યોજનામાં જોડાઈ શકો છો...**

- વ્યક્તિગતરૂપમાં પોતાના પરિવાર, મિત્રો, સ્વજનો અને સ્નેહીજનો માટે તથા સમાજ કે સંસ્થા તરફથી વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કે વેચાણ કરવા માટે અગ્રિમ ગ્રાહક બનીને....
- જો આપને સ્વયં વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કરવાની અસુવિધા હોય તો અમે આપના નામથી વિતરણ કરાવી શકીશું. આ હેતુ માટે અનુદાન આપીને આપ સહયોગી બની શકો છો.
- પ્રકાશિત ગ્રન્થોમાં વિશિષ્ટ સહયોગી અને અગ્રિમ ગ્રાહકો અથવા તેમના દ્વારા નિર્દિષ્ટ મહાનુભાવોનું નામ, ચિત્ર, જીવનવૃત્ત અથવા પરિચય પ્રકાશિત કરવામાં આવશે.
- ચેક/ડ્રાફ્ટ અથવા રોકડ રકમ રણસિંહ આર્ય ના નામે મોકલવા વિનંતી છે.

- એક લાખ રૂપિયા અથવા તેનાથી વધારે ધનરાશિ પ્રદાન કરનાર સહયોગી/અગ્રિમ ગ્રાહક પોતાના રંગીન ચિત્ર તથા સંક્ષિપ્ત જીવન પરિચય અવશ્ય મોકલાવે.
- એકાવન હજાર પ્રદાન કરનાર મહાનુભાવ પોતાનું રંગીન ચિત્ર અને નામ, સરનામું મોકલાવે.
- એકાવન હજારથી ઓછા અને ઓછામાં ઓછા અગિયાર હજાર પ્રદાન કરનાર મહાનુભાવોના નામ અને સરનામા પ્રકાશિત કરવામાં આવશે.
- દાન દાતાઓને ગ્રંથ પ્રકાશિત થયેલી ભેટરૂપે યથાયોગ્ય નકલો મોકલવામાં આવશે.

અંતમાં જો આપ વૈદિક ધર્મી છો અને વેદ ધર્મનો પ્રચાર-પ્રસાર સર્વત્ર થાય તેવી ઈચ્છા છે તથા ઈશ્વરે આપને ધન અને શ્રદ્ધા પ્રદાન કરી છે તો અમને સહયોગ પ્રદાન કરીને આર્યોચિત ધર્મનું પાલન કરશો, એવા વિશ્વાસ સાથે...

**સૂચના**

- અથર્વવેદ ભાષ્ય ( પ્રથમ ખંડ)ના વિતરણ માટે કેટલી પ્રતોની જરૂર છે તે સત્વરે મુખ્ય વિતરકશ્રીને લખી મોકલવા વિનંતી છે.
- ઓછામાં ઓછી ૨૦ પ્રતોના અગ્રિમ ગ્રાહક થનાર સંસ્થા/વ્યક્તિનાં નામ, સરનામાં ગ્રન્થમાં પ્રકાશિત કરવામાં આવશે.

**★ વાનપ્રસ્થ સાધક આશ્રમ ★**

આર્યવન-રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૩૦૭.
ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭, ૨૯૧૫૫૫, ૯૪૨૭૦૫૯૫૫૦
Web : www.vaanaprastharojad.org • E-mail : vaanaprastharojad@gmail.com

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્

# સંસ્કારવિધિની વિધિઓ દીકરા તથા દીકરીઓ બંને ઉપર એક સમાન રૂપે જ લાગુ પડે છે

## આર્યસમાજની માન્યતાઓ

લેખક : ગજાનંદ આર્ય ૨૪ અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ

### પુત્ર-પુત્રીની સમાનતા

સંસ્કારવિધિમાં વર્ણિત સંસ્કારોમાં ઋષિ દયાનંદે સંતાન માટે પુલ્લિંગ શબ્દનો પ્રયોગ કર્યો છે. બાળકને આશીર્વાદ આપવાના વાક્યમાં તથા બાળક માટે કરવામાં આવતી વિધિઓમાં સર્વત્ર વ્યાકરણની દૃષ્ટિએ પુલ્લિંગ શબ્દોનો જ પ્રયોગ થયેલો જોવા મળે છે. કોઈને એવું પણ લાગે કે આ બધું પુત્રીઓ માટે તો છે જ નહીં. આ ઉપરાંત, પુત્ર શબ્દનો પ્રયોગ પણ પ્રચુર માત્રામાં થયેલ જોવા મળે છે. જાતકર્મ સંસ્કારમાં મંત્રો બોલીને પુત્રના માથાને સૂંઘવાનો તથા પુત્ર અને માતાપિતામાં અતિ પ્રેમ વધે માટે જ્યારે જ્યારે પરદેશ જવાનું કે પરદેશથી પાછા આવવાનું થાય ત્યારે ત્યારે આ માથું સુંઘવાની ક્રિયા કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. બાળક શબ્દના પ્રયોગને તો સામાન્ય માની શકાય, પરંતુ પુત્ર શબ્દથી પુત્રીનું ગ્રહણ શી રીતે કરી શકાય ? તે એક વિચારણીય વિષય છે. મોટા ભાગના સંસ્કારોમાં બાળક અને પુત્ર શબ્દોથી આદેશ-નિર્દેશો આપવામાં આવ્યા હોઈ સાધારણ લોકોને ભ્રમ થવો સંભવ છે કે આ સંસ્કારોમાં પુરુષપ્રધાન દૃષ્ટિકોણ રાખવામાં આવ્યો છે. પરંતુ વાસ્તવમાં આવું બિલકુલ જ નથી.

માતાના ગર્ભમાંથી જે શિશુ અવતરે છે તે સંતાનની સંજ્ઞા શેષ, અપત્ય અને પુત્ર છે. નિરુક્તકાર મહર્ષિ યાસ્કે એક વ્યાખ્યામાં લખ્યું છે : **'અવિશેષેણ મિથુના: પુત્ર દાયાદા ઈતિ'** અર્થાત્ દીકરા તથા દીકરી બંનેની કોઈ જાતની વિશેષતા વગરની સંજ્ઞા એટલે કે બંનેની સામાન્ય સંજ્ઞા 'પુત્ર' છે, અને બંનેય દાયભાગના અધિકારી છે. પોતાની મંતવ્યની પુષ્ટિમાં મહર્ષિ યાસ્કે પારસ્કર ગૃહસૂત્રનું નિમ્ન પ્રમાણ આપ્યું છે :

**અંગાદંગાત્ સમ્ભવસિ હૃદયાદધિજાયતે ।**
**આત્મા વૈ પુત્રનામાસિ સ જીવ શરદ: શતમ્ ।।**

અર્થાત્ જે અંગ-અંગથી ઉત્પન્ન થાય છે તેને (એટલે કે દીકરો હોય કે દીકરી, બંનેયને) 'પુત્ર' કહેવામાં આવે છે.

મહર્ષિ યાસ્કપ્રદત્ત આ વ્યાખ્યાના પ્રકાશમાં સ્વામી દયાનંદે સંસ્કારવિધિમાં અપનાવેલી શૈલી બિલકુલ સ્પષ્ટ થઈ જાય છે. ઋષિની શૈલી દીકરા-દીકરીના પૃથક્ પૃથક્ પ્રસંગે તેમના દૃષ્ટિકોણથી જોતાં બિલકુલ સ્પષ્ટ છે. એવું લાગે છે કે ઋષિએ પોતાના તરફથી પુત્રી શબ્દનો પ્રયોગ નથી કર્યો. હા, પ્રશ્નોત્તરના સંદર્ભમાં પ્રશ્નકર્તાએ ભલે પુત્રી શબ્દ કહ્યો હોય, પરંતુ ઋષિ દયાનંદે તો પોતાની તરફથી નિરુક્ત શૈલીનો 'પુત્ર' શબ્દ જ પ્રયુક્ત કર્યો છે અને જ્યાં લિંગની પૃથકતા બનાવવી જરૂરી લાગી ત્યાં ત્યાં પુત્રી માટે 'કન્યા' અથવા 'સ્ત્રી' શબ્દનો પ્રયોગ કર્યો છે. નામકરણ સંસ્કારની સમસ્ત ક્રિયાઓ 'બાળક' સંજ્ઞા સાથે છે, પરંતુ દીકરા-દીકરાઓનાં નામ અલગ અલગ રાખવામાં આવે છે એટલા માટે તેમને લખવું પડ્યું કે પુત્ર હોય તો આ પ્રકારનાં નામ અને સ્ત્રી હોય તો આ પ્રકારનાં નામ રાખવાં.

વેદારંભ સંસ્કારની સમસ્ત ક્રિયાઓમાં 'બાળક' સંબોધનનો પ્રયોગ થયો છે, પરંતુ પ્રકરણના અંતમાં લખ્યું છે : "ત્યાર પછી ઘર છોડીને ગુરુકુળમાં જવું. જો પુત્ર હોય તો તેને પુરુષની પાઠશાળામાં અને કન્યા હોય તો તેને સ્ત્રીઓની પાઠશાળામાં મોકલવાં."

વિવાહ સંસ્કારમાં લખ્યું છે કે વર-વધૂની પરીક્ષામાં બંનેનાં તુલ્ય શીલ, સમાન બુદ્ધિ, સમાન આચાર, સમાન રૂપાદિ ગુણ, અહિંસકતા, સત્ય, મધુરભાષણ, કૃતજ્ઞતા, દયાળુતા, નિર્લોભતા, દેશ સુધારણા, વિદ્યાગ્રહણ, સત્યોપદેશ કરવામાં નિર્ભયતા વગેરેની સરખામણી અવશ્ય કરવી. હવે આવી તુલના કન્યાઓને સુસંસ્કારિત કર્યા વિના શી રીતે સંભવી શકે ? માટે સંસ્કારવિધિની વિધિઓ દીકરા તથા દીકરીઓ બંને ઉપર સમાન રૂપે લાગુ પડે છે. જેનો સંસ્કાર કરવામાં આવે છે તે જો કન્યા હોય તો આશીર્વાદ વગેરે સંબંધી વચનોમાં વ્યાકરણ અનુસાર જરૂરી પરિવર્તનો કરવાં પડે.

ઋષિ દયાનંદને સમજવા માટે તથા આર્યસમાજના માર્ગદર્શન માટે સત્યાર્થપ્રકાશ પ્રામાણિક ગ્રંથ છે. સંતાનોનું નિર્માણ કરવા માટે પુત્ર-પુત્રીઓની શિક્ષા-દીક્ષા કેવા પ્રકારની હોવી જોઈએ તે વિષે આ સત્યાર્થપ્રકાશના ત્રીજા સમુલ્લાસમાં વિસ્તારથી લખવામાં આવ્યું છે. ઋષિએ લખ્યું છે :

- 'રાજનિયમ અને જાતિનિયમ હોવો જોઈએ કે પાંચમા અથવા આઠમા વર્ષ પછી પોતાનાં છોકરા અને છોકરીઓને કોઈ ઘરમાં ન રાખી શકે, પણ પાઠશાળામાં અવશ્ય મોકલી દે. જો ન મોકલે તો તે દંડનીય થાય. માતા, પિતા કે અધ્યાપક પોતાનાં બાળક-બાળકીઓને અર્થસહિત ગાયત્રીમંત્રનો ઉપદેશ કરે.' (સમુ.૩)
- 'તમે જે સ્ત્રીઓને ભણાવવાનો નિષેધ કરો છો, તે તમારી મૂર્ખતા, સ્વાર્થતા અને નિર્બુદ્ધિતાનો પ્રભાવ છે.' (સમુ.૩)
- 'જો પુરુષ વિદ્વાન હોય અને સ્ત્રી અવિદુષી હોય અથવા જો સ્ત્રી વિદુષી હોય અને પુરુષ અવિદ્વાન હોય, તો ઘરમાં નિત્યપ્રતિ દેવાસુર સંગ્રામ મચ્યો રહે, તો પછી સુખ ક્યાં ? એટાલ માટે જો સ્ત્રી ન ભણે, તો કન્યાઓની પાઠશાળાઓમાં અધ્યાપિકા કેવી રીતે બની શકે ? તથા રાજકાર્ય, ન્યાયાધીશત્વ આદી, ગૃહાશ્રમનાં કાર્યો જેવાં કે પતિને સ્ત્રીએ અને સ્ત્રીને પતિએ પ્રસન્ન રાખવો; ઘરનાં સર્વ કાર્યો સ્ત્રીને આધીન રહેવાં વગેરે કામ વિદ્યા વિના ઉત્તમ પ્રકારે કદી પણ ઠીક ઠીક થઈ શકતાં નથી. જુઓ, આર્યાવર્તના રાજપુરુષોની સ્ત્રીઓ ધનુર્વેદ અર્થાત્ યુદ્ધવિદ્યા પણ સારી રીતે જાણતી હતી. કેમ કે જો ન જાણતી હોત તો કૈકેયી વગેરે દશરથ વગેરેની સાથે યુદ્ધમાં કેમ કરીને જઈ શકત ? અને યુદ્ધ કરી શકત ?' (સમુ.૩)

આમ સ્ત્રી જાતિને સન્માન અપાવવા માટે તથા જીવનના દરેક ક્ષેત્રમાં તેને સક્રિય બનવા માટેની પ્રેરણા પ્રદાન કરવામાં મહર્ષિજીએ મહાન પુરુષાર્થ કર્યો છે. તેમનાં દરેક ગ્રંથ તથા પ્રવચનમાં માતૃશક્તિના મહત્ત્વને આગવું સ્થાન મળ્યું છે. પંચાયતન પૂજાના નામે શિવ, વિષ્ણુ, અંબિકા, ગણેશ અને સૂર્યને પૌરાણિક માન્યતા મળી છે. પરંતુ મહર્ષિ દયાનંદજી વર્ણિત વૈદિક પંચાયતન પૂજામાં માતા, પિતા, આચાર્ય અને અતિથિની સાથે સાથે પતિ માટે પત્ની અને પત્ની માટે પતિને પણ પૂજનીય બતાવવામાં આવ્યાં છે.

### વાસ્તુશાસ્ત્ર

વાસ્તુશાસ્ત્ર જ્ઞાનની એ શાખાનું નામ છે, જે 'શાલા' એટલે કે ભવનના નિર્માણ માટે જરૂરી છે. એ કોઈ તદ્દન નવીન વિજ્ઞાન નથી, બલ્કે સૃષ્ટિના આરંભમાં જ તેનો વેદોમાં પ્રકાશ થયેલ છે. ઋગ્વેદના સાતમા મંડલનાં ૫૪ તથા ૫૫માં સુક્તમાં આ વિજ્ઞાનનું વર્ણન જોવા મળે છે. આ સૂક્તોનો દેવતા (પ્રતિપાદ્ય વિષય) 'વાસ્તોપ્પતિ' છે. આવી જ રીતે અથર્વવેદના નવમા કાંડના ત્રીજા સૂક્તમાં પણ આ અંગેનું વર્ણન જોવા મળે છે. ત્યાં આ સૂક્તનો દેવતા 'શાલા' એટલે કે ભવન છે. આવા વેદમંત્રોમાં વર્ણિત ભવન-નિર્માણનું જ્ઞાન પ્રાપ્ત કરીને આપણા ઋષિમુનિઓએ પણ પોતાના ગ્રંથોમાં આ ક્ષેત્રમાં કાફી અનુસંધાન કાર્ય કર્યું છે, જેનાં પ્રમાણો આપણા પ્રાચીન ઈતિહાસમાં મોજૂદ છે. અયોધ્યા અને ઈન્દ્રપ્રસ્થની નગરીની વાસ્તુકળાનું અનુપમ વર્ણન આપણને રામાયણ અને મહાભારતમાં વાંચવા મળે છે. આજે પણ કેટલાંક પ્રાચીન મંદિરોની બનાવટમાં તથા ઐતિહાસિક ખંડેરોમાં આપણને આપણી પુરાતન વાસ્તુવિદ્યાનાં દર્શન થાય છે.

આર્યસમાજના પ્રવર્તક મહર્ષિ દયાનંદજીએ માનવને સુસંસ્કૃત કરવા માટે ૧૬ સંસ્કારોની વિધિ 'સંસ્કારવિધિ' લખીને આપણને આપી છે. આ ગ્રંથમાં તેમણે ગૃહસ્થોના નિવાસ માટે શાલા-નિર્માણનો તેમ જ ગૃહ-પ્રતિષ્ઠા દ્વારા પ્રવેશ-વિધિનો ઉલ્લેખ પણ કર્યો છે. ગૃહસ્થ લોકોનાં ઘર, સભા-ભવન તથા બાગ-બગીચાઓને ,પણ અગ્નિહોત્ર (હવન) વગરે દ્વારા સંસ્કારિત (પવિત્ર-સ્વચ્છ) કરવાની પ્રેરણા ઋષિઓ આપી છે. આ અંગે તેમણે વેદમંત્રો અને પારસ્કર ગૃહ્યસૂત્રોનાં વાક્યો પ્રમાણરૂપે ટાંક્યાં છે. આની પાછળનો તેમનો મુખ્ય આશય ભવનોને મજબૂત, ટકાઉ તથા હવા-પ્રકાશની અવરજવરવાળાં તેમ જ ભિન્ન ભિન્ન કાર્યો માટે ભિન્ન ભિન્ન ખંડ-વિભાગોનું નિર્માણ કરવાનો જ હતો. આથી તેમણે એવું ક્યાંય નથી લખ્યું કે આ વિધિ-નિર્દેશોથી કશુંક વિપરીત કરવાથી કોઈ મોટું અનિષ્ટ થઈ જશે.

ઋષિએ સઘળા સંસ્કારો અને યજ્ઞોમાં ચોક્કસ દિશાને ખુબ મહત્ત્વ આપ્યું છે. તેમણે પૂર્વ, ઉત્તર, ઈશાન અને વાયવ્યને વિશેષ અગત્ય આપ્યું છે. ફક્ત અંત્યેષ્ટિ કર્મમાં જ અપવાદ જોવા મળે છે. ત્યાં તેમણે લખ્યું છે. કે શ્મશાનનું સ્થાન વસ્તીથી દક્ષિણ, અગ્નિ અથવા નૈઋત્ય દિશામાં હોવું જોઈએ, અને મૃતકના પગ ચિતામાં દક્ષિણ, અગ્નિ અથવા નૈઋત્ય દિશામાં હોવા જોઈએ.

> **જો પુરુષ વિદ્વાન હોય અને સ્ત્રી અવિદુષી હોય અથવા જો સ્ત્રી વિદુષી હોય અને પુરુષ અવિદ્વાન હોય, તો ઘરમાં નિત્યપ્રતિ દેવાસુર સંગ્રામ મચ્યો રહે, તો પછી સુખ ક્યાં ?**

વાસ્તવમાં દરેક દિશાને પોતાનું મહત્ત્વ હોય છે. જેમ કે ચુંબકની સોય હંમેશાં ઉત્તર દિશામાં જ જતી રહે છે, અને તેમ થવા પાછળનું કારણ એ દિશાનું વિશેષ આકર્ષણ જ છે. આ બધી જ બાબતો જાણતા હોવા છતાંય મનુષ્યો પોતાના દૈનિક જીવનમાં દિશાઓ જ જોતા રહે તેની આવશ્યકતા ઋષિએ અનુભવી નથી. બધા જ લોકોનાં ઘરનાં મુખ્ય દ્વાર પૂર્વ દિશા તરફ જ રહે તે શી રીતે સંભવી શકે ? સંધ્યાના પુસ્તકમાં પૂર્વ તરફ મોં રાખીને સંધ્યા કરવી એવું વિધાન છે. પરંતુ મનસા-પરિક્રમાના પ્રથમ મંત્ર 'પ્રાચી દિગગ્નિ...' ના અર્થમાં ઋષિએ લખ્યું છે કે, જે તરફ સૂર્ય ઉદય થાય છે તે પ્રાચી (પૂર્વ) દિશા છે. આટલું યુક્તિયુક્ત અને વ્યાવહારિક સમાધાન દરેકને નિઃશંક અને ભયમુક્ત કરી દે છે.

પરંતુ જેવી રીતે જ્યોતિષના નામે ફલિત જ્યોતિષ ચાલ્યું, અને ગ્રહ-નક્ષત્રોનાં ફલાફલ લોકોની હથેળીઓમાં આવીને હાનિ-લાભ, શુભ-અશુભ અને ભાવિ અનિષ્ટોનો ભય દેખાડવાનાં સાધનો બની ગયાં છે અને એ અનિષ્ટોને દૂર કરવાના ઠેર ઠેર અનુષ્ઠાનો પણ ચાલી રહ્યાં છે, તેવી જ રીતે આજકાલ વાસ્તુશાસ્ત્રના નામે પણ દિશાઓનો પ્રભાવ લોકોનાં ઘરો, કાર્યાલયો અને કારખાનાઓ ઉપર ઘૂરકીઓ કરવા લાગ્યો છે. પોતાનાં પુરુષાર્થ અને ભાગ્ય ઉપર ભરોસો ન રાખીને લોકો પોતાનાં દૂ:ખો, આર્થિક હાનિઓ અને અસફળતા વગેરેનાં કારણો પોતાના ઘરની દીવાલો, ખૂણાઓ અને દિશાઓની ખામીઓમાં શોધવા માંડ્યા છે. વાસ્તુશાસ્ત્રના જાણકારના નામે કેટલાક લોકો રીતસરનો ધંધો જ ચલાવી રહ્યા છે. મકાનોમાં ફેરફાર અને ઊલટસૂલટ કરતાં રહેવાના અને પૂજાપાઠ કરાવવા રહેવાના પ્રયોગો બેધડક ચાલી રહ્યા છે. વાસ્તુશાસ્ત્રના નામે એક નવો જ અંધવિશ્વાસ ફેલાઈ રહ્યો છે. જેમને આવા ફેરફારોથી કોઈ લાભ થાય છે તેઓ પેલા બની બેઠેલા વાસ્તુશાસ્ત્રીઓના પ્રશંસકો બની જાય છે અને તેમની પ્રસિદ્ધિ ફેલાવવામાં લાગી જાય છે, અને જેમને લાભને બદલે ઊલટાનું નુકસાન થાય છે તેઓ પોતાના તકદીરનો દોષ માનીને ચૂપ થઈ જાય છે. સામાન્ય સિદ્ધાંત એ છે કે પુરુષાર્થ અને ભાગ્યના ફળસ્વરૂપે વ્યક્તિનું ફલાફલ (ઈષ્ટ કે અનિષ્ટ ફળ) હંમેશાં બદલતું રહે છે. માટે કોઈ પ્રાપ્તિ કે શુભ પરિવર્તનનું શ્રેય પેલા કહેવાતા વાસ્તુપંડિતોને આપવું એ અંધવિશ્વાસને પોષવા સમાન છે. માટે આર્યસમાજ આવી વાસ્તુશાસ્ત્ર જેવી આસ્થાઓમાં વિશ્વાસ ધરાવતો નથી. **(ક્રમશ:)**

# યોગાભ્યાસીને કોઈથી પણ ફરિયાદ હોતી જ નથી તે તો કેવળ પોતાની ઉન્નતિ માટે સ્વયંના દોષોને દૂર કરવામાં મગ્ન રહે છે

## સત્યોપદેશ



ઉપદેશક - સ્વામી સત્યપતિજી
અનુ.- જયાબેન પોરિયા (યુકે) ૨૬

**સર્વથા સર્વદા સર્વભૂતાનામનભિદ્રોહ: અહિંસા**

૮૩. યોગી તેની સમાધિ સ્થિતિમાં અન્ય વિચાર પણ કરે છે, જેમ કે સમાધિમાં ઈશ્વરની ઉપાસના વેદ મંત્રોથી કરતો રહી મંત્રોના અર્થ ધાતુ, પ્રત્યય આદિ પણ સિદ્ધ કરે છે. આ પ્રકારે ઈશ્વરની ઉપાસના દરમ્યાન સર્વ કાર્ય કરતાં રહી ઈશ્વર દ્વારા તે, તે વિષયોમાં જ્ઞાન પણ પ્રાપ્ત કરી શકે છે.

૮૪. પૂર્વ જીવનમાં કરેલાં દોષો અને ત્રુટિઓનું સ્મરણ કરી વારંવાર દુ:ખી, નિરાશ ન થવું જોઈએ કારણ કે તેનાથી કોઈ વિશેષ લાભ થતો નથી. અંતિમ ઉપાય એ છે કે જ્યારથી સત્ય સમજાઈ જાય ત્યારથી પોતાના લક્ષ્યની પ્રાપ્તિ માટે અત્યંત પુરુષાર્થ આરંભ કરી દેવો જોઈએ.

૮૫. જો કોઈ વ્યક્તિ સાથે પોતાનાં વેર, ઈર્ષા, દ્વેષ આદિ રહી ગયા હોય તો તે યોગમાં બાધક બની જશે. જો ઉપેક્ષા રાખવામાં આવે તો પણ મનમાં તેનાં કલ્યાણની ભાવના રાખવી. મુખ્ય વાત તો એ છે કે સંસારના સર્વ મનુષ્યો સાથે પ્રેમ રાખવો. સાર્વભૌમ-મહાવ્રતનાં રૂપમાં યમ-નિયમનું પાલન કરતાં રહી સર્વને મિત્ર બનાવી રાખવા કઠીન છે.

૮૬. આપણા સાથી, સહયોગી ભલે અધિક દોષ કરતાં હોય છતાં પણ શ્રેષ્ઠ વ્યવહાર એ જ છે કે જે સેવા તેમણે કરી છે તેની પ્રશંસા કરવી અને દોષોને ન જોવા, ન બતાવવા. તેનાથી વ્યક્તિ પોતાનો બની રહે છે. અન્યથા તો તેના મનમાં નિરાશાની ભાવના આવશે કે મેં સેવા તો કરી પરંતુ તેનું પરિણામ કંઈ ન આવ્યું. આથી તેનું સાહસ તૂટી જશે. મનમાં ક્ષમા, સહનશીલતા, દયા, કરુણાની ભાવના બનાવી રાખવી. તેનાથી જ યોગ માર્ગ પર સ્થિર રહી શકાય છે. આ સર્વ આત્માના નૈમિત્તિક ગુણો છે, જે નિમિત્તથી જ આવે છે, તેથી જ્ઞાનપૂર્વક આ પ્રકારની ભાવના બનાવવી જોઈએ અને તે વ્યવહામાં લાવવાથી અભ્યાસ થઈ જશે.

**દોષ-દર્શન**

૦૧. વ્યક્તિને સામાન્ય રીતે બીજાના દોષો જોવામાં અને તે દોષો બીજાને બતાવવામાં સુખ લાગે છે, અને તે દોષો જોતાં જોતાં વ્યક્તિનો સ્વભાવ એટલી હદે બગડી જાય છે કે કેવળ દોષો જ જોવાનું પ્રારંભ કરી દે છે. તેનાથી તેની આધ્યાત્મિક ઉન્નતિ અટકી જાય છે.

૦૨. જે વાસ્તવમાં યોગાભ્યાસી છે તેને સ્વયંમાં જ એટલા દોષ દેખાય છે કે તે દોષોને જાણવામાં અને જાણીને તેને દૂર કરવા માટે જે ઉપાયો તથા પ્રયત્નોનો પ્રયોગ કરે છે તેમાંથી જ તેને સમય મળતો નથી.

૦૩. યોગાભ્યાસીના મનમાં ફક્ત એ જ ઈચ્છા રહે છે કે મારે ઈશ્વર પ્રાપ્તિની યોગ્યતા બનાવવી છે. તેને કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, દ્વેષ આદિ વિતર્કોને ઉઠાવવાનો સમય જ નથી મળતો કારણ કે તેની પાસે પોતાના દોષોને જાણવા અને તેને દૂર કરવા માટે ઉપાય, પ્રયત્ન કરવો આદિ એટલું બધું કાર્ય હોય છે કે મન ઉપર પૂર્ણરૂપથી નિયંત્રણ કરવા તેને મૌન અને ગંભીરતા લાવી અંતર્મુખી બનવું પડે છે. જો તે આ હાનિકારક અને અનાવશ્યક વિચારો અને વસ્તુઓનો સંગ્રહ કરતો રહેશે તો આ સર્વ સૂક્ષ્મ વિષયોને જાણી નહિં શકે અને તેના સંગ્રહથી સ્વયં કલેશોથી પિસાતો રહેશે એમ માને છે. તેથી કહેવામાં આવે છે કે યોગાભ્યાસીને કોઈથી પણ કોઈ ફરિયાદ હોતી જ નથી. તે તો કેવળ પોતાની ઉન્નતિ માટે જ સ્વયંના દોષોને દૂર કરવામાં મગ્ન રહે છે. **(ક્રમશ:)**

# भग एव भगवाँ अस्तु देवास्तेन वयं भगवन्तः स्याम। तं त्वा भग सर्व इज्जोहवीति स नो भग पुर एता भवेह।।

(यजु. अ.३४/मं.३८)

## ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदीप

२५ संकलन : स्वामी ध्रुवदेवजी परिव्राजक
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**पदार्थ :-**

हे सर्वाधिपते, महाराजेश्वर ! (**भग एव भगवाँ अस्तु**) आप परमैश्वर्यस्वरूप होने से भगवान् हो अथवा सम्पूर्ण ऐश्वर्ययुक्त या सम्पूर्ण शोभायुक्त और समस्त ऐश्वर्य या समस्त शोभा के दाता होने से आप ही हमारे पूजनीय देव हूजिए। (**तेन**) उस प्रसन्न हुए आपके सहाय से (**देवाः वयम्**) हम विद्वान् लोग (**भगवन्तः**) सकलैश्वर्यसम्पन्न या समग्रशोभायुक्त होके सब संसार के उपकार में तन, मन, धान से प्रवृत्त (**स्याम**) होवें।

हे (**भग**) प्रशस्त ऐश्वर्य युक्त परमेश्वर ! जिससे (**तं त्वा सर्व इज्जोहवीति**) सब सज्जन निश्चय करके उस आपकी निरन्तर प्रशंसा करते हैं अथवा सब मनुष्य उन आपको शीघ्र पुकारते हैं अर्थात् आपको ही ग्रहण करने की अत्यन्त इच्छा करते हैं क्योंकि कौन ऐसा भाग्यहीन मनुष्य है, जो आपको प्राप्त होने की इच्छा न करे। (**स नो भग पुर एता भवेह**) इसलिये आप हे ऐश्वर्यप्रद परमेश्वर ! हम को प्रथम से प्राप्त हों, फिर कभी हम से आप और ऐश्वर्य अलग न हो। आप अपनी कृपा से इसी जन्म में परमैश्वर्य का यथावत् भोग हम लोगों को करावें तथा आपकी सेवा में हम नित्य तत्पर रहें अथवा इसलिए हे भग ईश्वर ! आप इस जन्म में या संसार में अग्रगामी और आगे-आगे सत्यकर्मों में बढ़ाने वाले हूजिये तथा जो आपकी निरन्तर प्रशंसा करता है, वह हमारा अग्रगामी आपकी कृपा से होवे।

(सं.वि. + आर्याभि. + वेदभाष्य)

**भावार्थ (१) -**

हे जगदीश्वर ! जो सकलैश्वर्यवान् आप सब को सब ऐश्वर्य देते हैं, उन के सहाय से सब मनुष्य धनाढ्य होवें।

(ऋ.दया.कृत ऋग्वेदभाष्य मं.७/अ.४१/मं.५)

**भावार्थ (२) -**

हे मनुष्यो ! तुम लोग जो समस्त ऐश्वर्य से युक्त परमेश्वर है, उसके और जो उसके उपासक विद्वान् हैं, उनके साथ सिद्ध तथा श्रीमान् होओ। जो जगदीश्वर माता-पिता के समान हम पर कृपा करता है, उसकी भक्तिपूर्वक इस संसार में मनुष्यों को ऐश्वर्यवाले निरन्तर किया करो।

(ऋ.दया.कृत यजुर्वेदभाष्य अ.३४/मं.३८)

**टिप्पणी :-**

(क) ईश्वर सर्वाधिपति हैं अर्थात् सब (प्रकृति, जीव, संसार व मोक्ष) के स्वामी हैं।

(ख) संसार के अन्दर जो भी शोभा है व सौन्दर्य है, उसे ईश्वर ने उत्पन्न किया है।

(ग) ईश्वर का मनुष्यों को उपदेश है कि हे मनुष्यो ! तुम मेरी प्राप्ति की इच्छा करो।

(घ) ईश्वर का मनुष्यों को उपदेश है कि वे अपनी कामनाओं की पूर्ति के लिए मुझसे याचना करें। ब्राह्मण अर्थात् वेद व ईश्वर के ज्ञाता को अपना मार्गदर्शक बनायें अथवा मुझ ईश्वर को मार्गदर्शक के रूप में स्वीकार करें।

(ङ) ईश्वर को मार्गदर्शक बनाने के लिये विद्या, वैराग्य, निष्ठादि में ऊँची योग्यता की अपेक्षा होती है। जब तक यह योग्यता न बने तब तक वेद व ईश्वर के ज्ञाता को मार्गदर्शक बनाना चाहिये।

(च) मनुष्यों को इसी जन्म में धर्म, अर्थ, काम (क्रमशः) मोक्ष की सिद्धि की इच्छा करनी चाहिये।

(छ) भगः धन नाम निघण्टु।

जोहवीति = ह्वेञ् स्पर्धायां शब्दे च (भ्वा.), हु दानादानयोः (जु.) यङ्.लुगन्त।

भगम् = भज सेवायाम् (भ्वा.) से 'पुंसि संज्ञाया घः प्रायेण' से 'घ' प्रत्यय, भजति सुखानि येन तत्।

# સુરક્ષા સેતુ અંતર્ગત સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર આણંદની એન. એસ. પટેલ આર્ટસ કોલેજમાં સફળતાપૂર્વક સંપન્ન

આણંદ

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર એન.એસ.પટેલ આર્ટસ કોલેજમાં સફળતા પૂર્વક સંપન્ન

સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા આણંદ ટાઉન પોલીસ તથા વાડોકાઇ કરાટે-ડો અકેડમીના સહયોગથી સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એસ.પટેલ આર્ટસ કોલેજખાતે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર શરૂ કરવામાં આવી હતી. આ શિબિરમાં આણંદ ટાઉન પી.આઇ. શ્રી હરદેવસિંહ વાઘેલાના સહયોગથી તથા વાડો-કાઈ કરાટે-ડો અકેડમીના સેનસાઇ શ્રી જીગ્નેશભાઇ ઠક્કરના સીધા માર્ગદર્શન હેઠળ કરાટે કોચ સેનસાઇ શ્રી કમલેશ વસાવા તથા સેનસાઇ શ્રી મેહુલ ઠક્કર દ્વારા વિદ્યાર્થીનીઓને કરાટેની પ્રાથમિક તાલીમ આપી હતી. કરાટેની પ્રાથમિક તાલીમ દ્વારા આપણે કેવી રીતે પોતાનો સ્વબચાવ કરી શકીએ તેવી વિવિધ સેલ્ફ ડિફેન્સ ટેકનીક્સ વિદ્યાર્થીઓને શિખવવામાં આવી હતી.




આ સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરનો સમાપન સમારોહ તાજેતરમાં યોજાઈ ગયો. આ પ્રસંગે આણંદ ટાઉન પી.આઈ. શ્રી હરદેવસિંહ વાઘેલા, વાડોકાઇ કરાટે-ડો અકેડમી આણંદ જિલ્લાના ડિસ્ટ્રીકટ ડાયરેકટર સેનસાઇ શ્રી જિજ્ઞેશભાઇ ઠક્કર, કરાટેના સનિયર કોચ સેનસાઇ શ્રીમતી દર્શનાબહેન ઠકરાર, એન.એસ.પટેલ આર્ટસ કોલેજનાં પ્રિન્સીપાલ ડો.મોહનભાઇ પટેલ, વાઇસ પ્રિન્સીપાલ શ્રી પ્રતિક્ષાબેન પટેલ અને વુમન સેલના ઇન્ચાર્જ શ્રી હિનાબેન ગજજર ઉપસ્થિત રહયાં હતા. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજની વિદ્યાર્થીની બહેનોએ સુંદર પ્રાર્થના રજૂ કરી હતી. ત્યારબાદ ડો.પ્રતિક્ષાબહેને ઉપસ્થિત મહાનુભાવોનો પરિચય કરાવી શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. જ્યારે કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા પુસ્તક રૂપી ભેટ આપી ઉપસ્થિત મહાનુભાવોનું બહુમાન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે દસ દિવસ સ્વબચાવ પ્રિશિક્ષણ લીધેલ વિદ્યાર્થીનીઓએ કરાટેનું અદ્ભૂત નિદર્શન કર્યુ હતુ. કરાટે કોચ સેનસાઇ શ્રી મેહુલ ઠક્કર દ્વારા વિવિધ એડવાન્સ કિક્સ દ્વારા મેગ્નેટાઇલસનું બ્રેકીંગ કરી સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

આ પ્રસંગે સેનસાઈ શ્રી જિજ્ઞેશભાઈ ઠક્કરે સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત આણંદ જીલ્લામાં ચાલી રહેલ વિવિધ પ્રવૃતિઓ વિશેની માહિતી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે સ્વબચાવ માટે કરાટેની કળા વૈશ્વિક સ્તરે ઉતમ પૂરવાર થયેલ છે. કરાટેની કળા વ્યકિતમાં રહેલી વિવિધ સુષુપ્ત શકિતઓ ઉદિપ્ત કરવાની કળા છે. આમ દરેક વ્યકતિએ સ્વબચાવ માટે તૈયાર થવું જોઇએ. દસ દિવસની શિબિરમાં પ્રાપ્ત કરેલ કરાટેની બેઝીક ટેકનીક તથા બેઝિક સેલ્ફ ડિફેન્સ ટેકનીકનો નિયમિત અભ્યાસ કરવાથી તમે પોતાનો સ્વબચાવ કરવા માટે સક્ષમ બનશો. આજીવન નિર્ભયપણે જીવન જીવવા માટે તેમણે બહેનોને શારીરિક રીતે સક્ષમ બનવા અનુરોધ કર્યો હતો.

પ્રાસંગિક ઉદ્બોધન આપતાં આણંદ ટાઉન પી.આઇ. શ્રી વાઘેલાએ કરાટે શીખવાથી થતા લાભો વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે આવી કળા શીખીને તમારામાં આત્મ વિશ્વાસનો વધારો થવો જોઇએ અને પ્રતિકાર કરવાની તમારામાં શકિત હોવી જોઇએ. આ ઉપરાંત તેમણે મોબાઇલના સદ્ઉપયોગથી થતા લાભો વિશે ઉદાહરણ સહિત સમજાવ્યું હતુ. તેમણે મોબાઇલનો જરૂરીયાત મુજબ ઉપયોગ કરવા જણાવ્યું હતું તથા શારિરીક વિકાસની સાથે સાથે માનસિક વિકાસ કરવા પણ અનુરોધ કર્યો હતો.

કોલેજનાં પ્રિન્સીપાલ શ્રી ડો.મોહનભાઇ પટેલ જણાવ્યું હતુ કે કરાટે જેવી કળા શીખી તમે તેને પોતાના જીવનમાં પોતાના લક્ષ્ય સુધી પહોંચશો તો જ કરાટેના નિષ્ણાંતોની મહેનત લેખે લાગશે. કોલેજ દ્વારા સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે તેમાં જોડાવ, લીડરશીપ કેળવો વિવિધ સ્પર્ધાઓમાં જોડાઇને તમારામાં રહેલી શકિતઓને વિકસાવો.

સમારંભના અંતિમ ચરણમાં સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરની વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. અંતે શ્રી હિનાબહેન ગજજરે ઉપસ્થિત મહાનુભાવોનો, કોલેજની વિદ્યાર્થીઓનો તથા કાર્યક્રમમાં સહભાગી બનેલ દરેકનો હ્યદયપૂર્વક આભાર માન્યો હતો.

# સામુહિક જવાબદારીઓ અને સામુહિક સામાજીક પ્રશ્નોનો સરવાળો બંનેએ સાથે બેસીને જ કરવાનો હોય છે



## ચંદ્રેશ ચિંતન

( ૨ )- ચંદ્રેશ આર્ય, ગાંધીધામ

સંપત્તિનો સાથ છોડી થોડીવાર આપણે હવે દંપતિ વિશે વિચારીશુ.... આવો આપણે હવે દંપતિ ઉપર થોડી દયા દેખાડીયે... 'ચાહવું એટલે સમજવું'. દાંપત્ય જીવનની સફળતાની મૂળ ચાવી અને મુખ્ય આધાર છે એક બીજાને સમજવું અને એક-બીજાને બરાબર સાચવવું. બંને વચ્ચે પરસ્પર સમજણ અને સાચવણની દિવાદંડી જ પતિ-પત્નિના દાંપત્ય માર્ગને પ્રકાશિત કરે છે. સમજણના સથવારે જ દાંપત્ય જીવનની પ્રયોગશાળામાં પ્રવેશ કરીને જ બંને પતિ-પત્નિ એક-બીજાને સાચવે છે. 'પ્રેમ કરવું એટલે પારખવું'. પ્રેમની પ્રયોગશાળામાં પ્રવેશ કરતાં બંને પાત્રોની પરખની પરીક્ષા પ્રારંભ થાય છે. આ પરીક્ષા જ દાંપત્ય જીવનને વધુ ઉજાગર કરે છે. જીવનમાં આવતા તાણા-વાણાંઓનો ઉકેલ આ પરીક્ષામાં પાસ થનાર દંપતિઓ જ આપી શકે છે. પરીક્ષામાં બધા જ પશ્નો પસંદગીના હોતા નથી. ના પસંદ પ્રશ્નોનો ઉકેલ તો મેળવવાનો જ હોય છે. દાંપત્ય જીવનની પરીક્ષાના પ્રશ્નોમાં પસંદગીનો વિકલ્પ પણ નથી હોતો. સામૂહિક જવાબદારીઓ અને સામૂહિક સામાજીક પ્રશ્નોનો સરવાળો બંનેએ સાથે બેસીને જ કરવાનો હોય છે. બંનેમાંથી એકની પણ બાદબાકી દાંપત્ય જીવનમાં માન્ય નથી.

દાંપત્ય જીવન એ એક પ્રેમની એવી પ્રયોગશાળા છે, જેમાં સંબંધોને જીવતા રાખવા માટે પતિ-પત્નિ બંનેએ પરસ્પર પ્રેમ થકી કેવળ એક-બીજા માટેજ નહિં પરંતુ એક-બીજાના પરિવારના સંબંધોને સાચવવા માટે અમુક રસાયણો ઉત્પન્ન કરવાની આવડત કામ આવે છે. એ મિશ્રિત રસાયણીક પ્રયોગો પરિવારોને પલ્લવીત રાખવા ઘણાં મદદરૂપ થાય છે. વર્તમાનની વાત કરીએ તો આજકાલ મોટાભાગના છોકરા-છોકરીઓ એક બીજાને જોઈને પરણતા હોય છે. પણ ખરેખર વૈદિક દ્રષ્ટિકોણની વાત કરીએ તો એક બીજાને જોને નહિં પણ પરસ્પર એક-બીજાને જાણીને પરણવું જોઈએ. પરણવાના આ પથ પર ચાલતા આજના યુવક-યુવતીઓ એક-બીજાનું શું જોઈને પરણતા હોય છે ? રૂપ-રુપિયા, ફેસ-ફેશન, ચહેરો-ચામડી, રંગ-રોનક, અભ્યાસ આવક. જે લોકોને કેવળ જીવન સાગરમાં ડૂબવું છે, તેવા લોકો માટે આટલું જ જોવાનું હોય છે. પણ ખરેખર જે લોકોને જીવન સાગર તરીને સામે કિનારે જવું છે, તેવા દંપતિઓ કેવળ આવી ક્ષુલક ચીજો નથી જોતા. તેઓ તો ખરેખર વાસ્તવિકતા જ જોવે છે. એકાદ કલાક-બે કલાકમાં આવું બધું જોઈને પરણતા યુવક-યુવતિઓ ખરેખર વૈદિક દ્રષ્ટિએ એક -બીજાને સમજવા માટે સારો એવો સમય આપવો જોઈએ. 'દંપતિ' શબ્દનો અર્થ છે કે એવું ઘર કે જે ઘર ના બે સ્વામી (માલિક) હોય. અર્થાત બે પતિ છે. 'દામ્પત્ય' એટલે બે એક સમાન વૈચારિક સત્તાનું એક છત્ર-છાયા હેઠળ જીવન જીવવાનો સંકલ્પ. જે સમજણ વગર શક્ય નથી અને જે પ્રેમ વગરની પ્રયોગશાળામાં સફળ પણ નથી.

'સગાઈ' અર્થાત એક-બીજાને સમજવાનો સમય. પરસ્પરના ગુણ-કર્મ અને સ્વભાવને સમજવા સમય ફાળવવો એટલે સગાઈ. એક-બીજાની બાહ્ય આકૃતિથી જોઈને વિવાહ કરવા કરતાં પરસ્પર એક-બીજાને સમજ્યા પછી જ વિવાહ-સંસ્કાર સંપન્ન થવા જોઈએ તો જ વૈદિક દંપતિઓ દ્વારા વૈદિક સંતતિનું સર્જન થાય અને પરિણામે વૈદિક સમાજનું સર્જન કાર્ય પ્રારંભ થાય. દાંપત્ય જીવનમાં સુંદરતાથી પણ અધિક તો સમજણની આવશ્યકતા હોય છે. પરિવારના બધાં જ સદસ્યોનો પ્રેમ પામવા ચહેરો/આકૃતિની સુંદરતા જરૂરી નથી હોતી, આ માટે તો વર્તન અને વાણીની સુંદરતા જ કામ લાગે છે. કેવળ રૂપ અને રૂપિયાથી જ દાંપત્ય જીવન સ્થિર થતું નથી, પરંતુ પરસ્પર સમજણ શક્તિ અને સહનશીલતાથી જ દાંપત્ય જીવન સુંદર અને સ્થિર બને છે. બાહ્ય રૂપ તો કેવળ આંખોને જ સંતોષ આપી શકે છે, જ્યારે આત્મ સંતોષ તો વ્યક્તિના આંતરીક ગુણોથી જ પ્રાપ્ત થાય છે. મારે એક વખત પ્રચાર અર્થે પૂનામાં એક પરિવારમાં રહેવાનું થયું. પરિવારની એક સુકન્યાને મેં સીધો જ પ્રશ્ન કર્યો કે 'તમારે કેવો વર (પતિ) જોઈએ છે ?' ઉત્તર હતો 'જે મને સુખી કરે'. હું એને સુખી કરું કે ના કરું પણ તે એક તરફી બસ મને સુખી કરે. એક તરફી સુખી રહેવાની ભાવના સ્વાર્થ વૃત્તિ મનુષ્યને દુઃખી કરે છે. હું એને વર (પતિ)ને સુખી કરી શકું તેવી ભાવના મનમાં ભરવી જોઈએ. કારણ કે સીધું ગણિત છે. 'સુખ જોઈએ છે તે સુખ આપો'. આપણું કંઈ જ નથી ને બસ કેવળ મેળવવું જ છે તો આ સિદ્ધાંતથી સમાજ સુખથી સો જોજન દૂર છે. તમે જે કંઈ પણ પરિવાર કે સમાજને આપશો તે જ વસ્તુ,પદાર્થ,ક્રિયા વિગેરે તમને પરત મળશે. માટે મેળવવા કરતાં આપવાની ભાવનાને વધુ ઉજાગર કરવી જોઈએ. એક અન્ય પરિવારમાં પ્રચાર અર્થે રોકાવવાનું થતાં એક યુવકને આજ પ્રમાણે પ્રશ્ન કર્યો. આપ કેવી પત્નિની અપેક્ષા રાખો છો ? ઉત્તર ખૂબ જ સુંદર હતો. જે મને સમજી શકે. મેં તે યુવકના ઉત્તરમાં થોડો ઉમેરો કરી કહ્યું,....અને તમે એને (પત્નિને) સમજી શકો તો કેવું સરસ લાગે ! તે યુવક બોલ્યો હાં એ બિલકુલ બરોબર છે. આવું ખરેખર થાય તો સોનામાં સુગંધ ભળી જાય. ખરેખર આવું થાય તો દાંપત્ય જીવનમાં સદગુણોની સુગંધ મહેકી ઉઠે. મારા ઉત્તર પૂર્તિથી યુવક અને તેના માતા-પિતા પ્રસન્ન થઈ ગયા. લગભગ દરેક માણસમાં અંદર ખાતે એવી વૃત્તિ કામ કરતી હોય છે કે કોઈ મને સમજી શકે. અથવા કોઈ મને જાણી શકે. સમજવાની અને જાણવાની રીતભાત જ પરસ્પર દાંપત્ય જીવનને સુખી રાખવાનો આધાર છે. (ક્રમશઃ)

## ગુરુકુલ ભવાનીપરના આચાર્ય સ્વામી શાંતાનંદજી તથા મુંબઈના આર્યવીર બ્ર. અરુણકુમારજીની ઉપસ્થિતિમાં

# નખત્રાણાના કેસરાણી પરિવારમાં જન્મદિનની ઉજવણી પ્રસંગે બૃહદ યજ્ઞનું આયોજન કરાયું



સંત ઓધવરામ વૈદિક ગુરુકુલના આચાર્ય સ્વામી શાંતાનંદજીની અધ્યક્ષતામાં ગુરુકુલથી પધારેલા સ્વામી શ્યામાનંદજી, બ્ર. વૈકુંઠજી, શ્રી યોગેશજી, શ્રી ખીમજીબાપા તથા નખત્રાણાના કસ્તુરબા તથા ગોપાલભાઈ કેસરાણીના પરિવારજનોની ઉપસ્થિતિમાં જગદીશભાઈના સુપુત્ર પ્રણવ કેસરાણીનો જન્મદિવસનો સમારોહ ઉલ્લાસભર્યા વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્વામીજી તથા મુંબઈથી પધારેલા બ્ર. અરુણ કુમાર આર્યવીર દ્વારા સુંદર સત્સંગ તથા પ્રવચનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સ્વામી શાંતાનંદજી દ્વારા બૃહદ યજ્ઞમાં જન્મદિવસની આહૂતિ પ્રણવભાઈ દ્વારા અપાવવામાં આવી હતી. અને અંતમાં ઉપસ્થિત સર્વએ ગાયત્રી મંત્રથી આહૂતિ આપી હતી. ત્યાર બાદ સ્વામી શાંતાનંદજીએ વૈદિક રીતે જન્મદિવસ મનાવવાના મહત્વ ઉપર સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પશ્ચિમી સંસ્કૃતિ અનુસાર કેક કાપવી, મીણબત્તી બૂઝાવી દેવી વગેરેથી દૂર રહેવા અનુરોધ કર્યો હતો. તેમણે પ્રણવભાઈને વૈદિક સાહિત્ય ભેંટ આપી નિત્ય સ્વાધ્યાય કરવાની પ્રેરણા આપી હતી.

બ્ર. આર્યવીર અરુણ કુમારજીએ યજ્ઞનું મહત્વ અને તેનાથી થતા લાભ વિશે જાણકારી આપી હતી. તેમણે યજ્ઞના મંત્રોની આધ્યાત્મિક અર્થ સાથે વ્યાખ્યા સમજાવી હતી. સાંજે કેસરાણી પરિવારને આર્યવીર બ્ર. અરુણ કુમાર દ્વારા વૈદિક સંધ્યા અને ધ્યાન કરવાની પદ્ધતિનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.બ્ર. અરુણ કુમારજીએ પોતાના મધુર સ્વરમાં ભજન ગાઈને લોકામાં ભક્તિનો ભાવ ભરી દીધો હતો. આર્યવીર બ્ર. અરુણ કુમાર દ્વારા નખત્રાણાની વિવિધ સ્કૂલોમાં પણ વૈદિક ધર્મનો પ્રચાર કરવામાં આવ્યો હતો. સ્વામી શાંતાનંદજીએ પણ વિવિધ શાળાઓમાં જઈને કેવી રીતે અભ્યાસ કરવો જોઈએ તથા વધુ માર્ક કેવી રીતે લાવવા તેની સમજણ આપી હતી.


## અગ્નિપથ

અસ્માકં વીરા ઉત્તરે ભવન્તુ

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-
આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.


## ફોટો ગેલેરી



આર્યસમાજ, મોરબીના ભવનનું રીનોવેશન પૂર્ણ થવાને આરે છે. તદ્ અંતર્ગત મોરબી શહેરના પ્રખ્યાત ઉદ્યોગપતિ શ્રી ડી. સી. પટેલ જીલોટ બોલ ઈન્ડસ્ટ્રીઝવાળા લગ્ન સમારંભમાં નવદંપતિને આશિષ આપવા પધારેલ હતા. તે સમયે સંસ્થાને આહુજાની સાઉન્ડ સીસ્ટમ અર્પણ કરેલ અને તે સિસ્ટમનું વૈદિક મંત્રોચ્ચાર સાથે તેમના હસ્તે ઉદ્ઘાટન કરાવેલ. જેની સુગંધ આસપાસના ગામો તથા સંસ્થાઓમાં સેવાકિય કાર્યોને માટે પથરાયેલ છે તેવા શ્રી ડી. સી. પટેલે જણાવેલ કે સંસ્થાને માટે ઉપયોગી થતાં મને આનંદ અને ગર્વની લાગણી થાય છે. આ પ્રસંગે તેઓશ્રીનું સન્માન શ્રી ઉદયભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું જે દ્રષ્ટિગોચર થાય છે.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com